| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૧/03/૨૦૨૩ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૮૬/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૬ લીટર દેશી દારૂ, ૧૧૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૧૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૧૧ બિયર ટીન, ૨ સ્કુટર, ૧ રીક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૧૫૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૮૭/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દાઝી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૪૮૮/૨૦૨૩**

**બાપુનગરઃ** પુષ્પાબહેન ગોપાલભાઇ શાહ (ઉ.વ.૬૨) (રહે. જોડકાં વિભાગ હરદાસનગર બાપુનગર) એ બિમારીથી કંટાળી તા.૧૭/૦૩/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે સળગી જતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૩/૨૦૨૩ કલાક ૫/૩૦ વાગે તેમનુ મૃત્યું નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર જગદિશપ્રસાદ ચલાવે છે.

**આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૪૮૯/૨૦૨૩**

**શાહીબાગઃ** મિતેષ વિષ્ણુપ્રસાદ ભાવસાર (ઉ.વ.૪૫) (રહે. વાસણદાસનો ખાંચો ખારાકુવા વાસ અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૩/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.ચુડાસમા ચલાવે છે.

**નરોડાઃ** દિલીપભાઈ શીવલાલ પંચાલ (ઉ.વ.૭૦) (રહે. સુમતીનાથ પ્રભુ સોસાયટી વ્યાસવાડી રોડ નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૯/03/૨૦૨૩ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકની સોસાયટીના ધાબા ઉપર ત્રીજા માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

**નારોલઃ** ભરતકુમાર જયંતીલાલ આચાર્ય (ઉ.વ.૬૯) (રહે. પ્રથમ હાઇટ્સ, ડીવાઇન લાઇફ સ્કુલ પાસે કર્ણાવતી એપાર્ટમેન્ટ-૨ સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૮/03/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે ઇસનપુર ફેમીલી કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/03/૨૦૨૩ રાતના ૮/૪૦ વાગે તેમનુ મૃત્યું નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી